# તારા વિના શ્યામ મને એકલડું લાગે, રાસ રમવાને વહેલો આવજે...




સોમવારે બીજું નોરતું હતું પરંતુ સુરતમાં અત્યારથી નવરાત્રિનો તહેવાર અનોખા ઉત્સાહ, રંગ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી રાત્રે દશ વાગ્યા સુધી લોકો જુદા જુદા મંદિરમાં માતાજીની પૂજા અર્ચના કરે છે તો રાત્રે જાણે દિવસ ઉગ્યો હોય તેમ ખેલૈયાઓ દાંઢિયા રમતા જોવા મળે છે. (તસવીર : સતીષ જાદવ)

# એક-એક રૂપિયાના લોકફંડથી સર્જાયેલું સુરતનું અંબિકા નિકેતન !



સુરતમાં તાપી નદીના પાવન તટે આવેલું 'શ્રી અંબિકા નિકેતન મંદિર' આજે લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. પરંતુ આ ભવ્ય શક્તિપીઠ પાછળ એક સામાન્ય સ્ત્રીનો અડગ સંકલ્પ, અનોખું લોકભાગીદારીનું મોડેલ અને અલૌકિક ચમત્કારોની હૃદયસ્પર્શી દાસ્તાન જોડાયેલી છે. ભાવનગર પાસેના સણોસરા ગામના રાજપૂત પરિવારની દીકરી અદેકુંવરબાના લગ્ન માત્ર ૧૬ વર્ષની વયે ગાંધીવાદી વિચારધારા ધરાવતા ગેમલસિંહજી સાથે થયા હતા. બંને સુરતના નાનપુરા ટીમલિયાવાડમાં સાધારણ ભાડાના મકાનમાં રહેવા આવ્યા. ગેમલસિંહજી સુરતમાં 'ગનુભાઈ' તરીકે અને કિશોર ભવનના આચાર્ય તરીકે જાણીતા થયા, જ્યારે અદેકુંવરબા સુરતીઓ માટે 'ભારતી મૈયા' બન્યાં. સંસારમાં રહેવા છતાં પૂર્ણપણે નિર્મોહી ભારતી મૈયા નિત્ય જગદંબાની આરાધનામાં લીન રહેતાં. એ ધ્યાનમાંથી જ તાપી કિનારે મા અંબિકાનું દિવ્ય મંદિર સ્થાપવાનો સંકલ્પ જન્મ્યો. આ ભવ્ય કાર્ય માટે મૈયાએ કોઈ મોટા ધનાઢ્ય પાસે હાથ લંબાવવાને બદલે સામાન્ય જનતા પાસેથી માત્ર ૧-૧ રૂપિયો એકત્ર કરવાનું શરૂ કર્યું. 'જ્યાં ચાહ ત્યાં રાહ'ના ન્યાયે, ખૂટતી રકમ માટે તેમણે પોતાના તમામ સોના-ચાંદીના ઘરેણાં પણ ખુશીથી ફંડમાં અર્પણ કરી દીધાં! માતાજીના સ્વપ્ન-આદેશ મુજબ ભારતી મૈયા જયપુર પહોંચ્યા, જ્યાં શિલ્પી બિશન પાસે ૧૨ વર્ષ જૂનો સંગેમરમરનો પથ્થર પડેલો હતો. મૈયાના વર્ણન મુજબ બે વર્ષની અથાક મહેનતે શિલ્પીએ મા અંબિકાની મનોહર પ્રતિમા કંડારી. વિક્રમ સંવત ૨૦૨૫ (ઈ.સ. ૧૯૬૯) માં જ્યારે આ વજનદાર મૂર્તિ જયપુરથી સુરત આવી, ત્યારે બે અકલ્પ્ય ચમત્કારો નોંધાયા. સેંકડો લોકો ભેગા થવા છતાં મૂર્તિ રતીભાર પણ ખસતી નહોતી. ભારતી મૈયાએ આવીને નાળિયેર વધેરી માતાજીને આર્તસ્વરે પ્રાર્થના કરતાં જ વિશાળ પાષાણ પ્રતિમા ફૂલ જેવી હળવી બની ગઈ! બીજો અચરજ પમાડતો પરચો એ હતો કે મોં ઢાંકેલું પેકિંગ ખોલતાં જ માતાજીની આરસની મૂર્તિ પરસેવે રેબઝેબ જોવા મળી હતી, જેને ભક્તોએ લૂંછીને દિવ્યતા અનુભવી હતી. પ્રાણ-પ્રતિષ્ઠા પહેલાં જ માએ જીવંત તત્વનો અહેસાસ કરાવ્યો હતો. જે ભૂમિ પર એક સમયે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની કોઠીઓ હતી, ત્યાં આજે અંબાજી માતાની અખંડ જ્યોત ઝળહળે છે. ભારતી મૈયાનો ત્યાગ અને સુરતીઓની એક-એક રૂપિયાની શ્રદ્ધાથી ઊભું થયેલું અંબિકા નિકેતન આજે સુરતની ધાર્મિક અને સાંસ્કૃતિક ચેતનાનું અમર પ્રતીક બની ચૂક્યું છે.

**ભારતી મૈયાએ આવીને નાળિયેર વધેરી માતાજીને આર્તસ્વરે પ્રાર્થના કરતાં જ વિશાળ પ્રતિમા ફૂલ જેવી હળવી બની ગઈ!**




વિમ્મી વિષ્ણુ ચેવલી

## મોટા વરાછાની તુલસી આર્કેડની લિફ્ટ ખોટકાતાં બે ફસાયા

સુરતઃ મોટા વરાછા સ્થિત સુદામા ચોક પાસે આવેલા તુલસી આર્કેડની લિફ્ટ સોમવારે બપોરે ખોટકાતાં બે વ્યક્તિ ફસાઈ હતી. લિફ્ટ બેઝમેન્ટ અને પહેલા માળ વચ્ચે અટકી જતાં વિપુલ વાઘાણી (ઉં.વ.44) અને રેહાન ખાન (ઉં.વ.27) ફસાઈ ગયા હતા. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી સ્પ્રેડર ટૂલ્સની મદદથી દરવાજો ખોલી બંનેને સહીસલામત બહાર કાઢ્યા હતા. ટેક્નિકલ ખામીના કારણે આ ઘટના બની હતી.

## સમાધાન બાદ ચેક રિટર્ન કેસમાં લેસ-પટ્ટીના વેપારીને એક વર્ષની કેદ

સુરતઃ લિંબાયતના શ્રી ખોડલ આર્ટના ચેતન કાકડીયાએ અલથાણ રોડના યશસ્વી ક્રિએશનના નિર્મલકુમાર જૈનને રૂ. 8,12,717નો માલ વેચ્યો હતો. સામે આપવામાં આવેલા ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ આરોપી સામે ત્રણ ફરિયાદો કરી હતી. જેમાં સમાધાન થયા બાદ આરોપીએ નવા ચેકો આપ્યા હતા. તે પૈકી રૂ. 2,94,224ના ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ ધર્મેશ એમ. ગાંધી અને જીગર આર. રાજપુત મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી તેની ગેરહાજરીને પગલે સજાનુનં વોરંટ પણ કાઢવામાં આવ્યું હતું.

## ઉમરવાડાના ઋષિ બંગ્લોઝમાં દરવાજો લોક થતાં દોઢ વર્ષિય બાળક ફસાયો

સુરતઃ ઉમરવાડા સ્થિત ઋષિ બંગ્લોઝમાં રૂમનો દરવાજો અચાનક લોક થઈ જતાં મિલનભાઈ રાદડીયાનો દોઢ વર્ષીય પુત્ર શામિક અંદર ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ માન દરવાજા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ 'સ્પ્રેડર ટૂલ'ની મદદથી ભારે જહેમત બાદ દરવાજો ખોલી બાળકને હેમખેમ બહાર કાઢી પરિવારને સોંપ્યો હતો.

## રામપુરામાં ગૌમાંસનો આરોપી ઝડપાયો

સુરતઃ સુરતના રામપુરા દુધારા શેરીમાં આવેલી આરીફ કુરેશીની દુકાન પરથી પકડાયેલા ગૌમાંસના કેસમાં પોલીસે ફરાર આરોપી મોહમદ આરીફ અબ્દુલગની (રહે.,પુષ્પક એપાર્ટમેન્ટ, રાણી તળાવ, લાલગેટ)ને ૧૧ ઓક્ટોબરે ઝડપી પાડ્યો હતો. જ્યારે ફરાર અન્ય ત્રણની શોધખોળ પોલીસ કરી રહી છે.

# રવિવારની રજા માંગતા 50 કારીગર છૂટા

**વરાછા** મીની બજાર અને મેઘાણી ગાર્ડન વિસ્તારનાં ત્રણ એમ્બ્રોઈડરી કારખાનાંમાં વિવાદ

**કારીગરોના** હોબાળા અને દેખાવો, 15થી 19 વર્ષથી કામ કરતા શ્રમિકોમાં નારાજગી



સુરતઃ શહેરના વરાછા મીની બજાર અને મેઘાણી ગાર્ડન વિસ્તારમાં આવેલા ત્રણ એમ્બ્રોઈડરી કારખાનાંમાંથી રવિવારની રજા માંગનાર 50થી વધુ કારીગરોને નોકરીમાંથી છૂટા કરવામાં આવતાં શ્રમિકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. નોકરીમાંથી છૂટા કરાયેલા કારીગરોએ હોબાળો મચાવી દેખાવો કરતાં એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં શ્રમિકોના હક્કો અને કામની પદ્ધતિને લઈને ફરી ચર્ચા શરૂ થઈ છે.

કારીગરોના જણાવ્યા મુજબ, તેઓ નવા શ્રમ નિયમો અનુસાર રવિવારે સાપ્તાહિક રજા મળે તેવી માગ કરી રહ્યા હતા. જોકે, આ માગણી અંગે કારખાનેદારો સાથે સહમતી ન સધાતાં ત્રણ એકમોના 50થી વધુ કારીગરોને હિસાબ કરી નોકરી પર નહીં આવવા જણાવી દેવામાં આવ્યું હતું. લાંબા સમયથી એક જ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોને અચાનક રોજગારી ગુમાવવાનો વારો આવતાં તેઓમાં રોષ જોવા મળી રહ્યો છે. નોકરીમાંથી છૂટા કરાયેલા મોટાભાગના કારીગરો ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના વતની છે. કારીગરોનો દાવો છે કે તેઓ છેલ્લા 15થી 19 વર્ષથી એમ્બ્રોઈડરી એકમોમાં કામ કરી રહ્યા છે. આટલા લાંબા અનુભવ અને કુશળતા ધરાવતા હોવા છતાં સાપ્તાહિક રજાના મુદ્દે રોજગારી ગુમાવવી પડી હોવાની તેમની ફરિયાદ છે. બીજી તરફ, કારખાનેદારોનું કહેવું છે કે કારીગરો સાપ્તાહિક રજા સહિતના નિયમો મુજબ કામ કરવા માગતા હોય તો સરકારે નક્કી કરેલા વેતન અને અન્ય લાગુ પડતા નિયમોનું પાલન કરવું પડશે. જ્યારે જૂની પદ્ધતિથી કામ કરવું હોય તો તેમાં પણ તેમને વાંધો નથી. એટલે કે, નવી નિયમિત વ્યવસ્થા અને જૂની કામકાજની પદ્ધતિ વચ્ચે પસંદગીનો મુદ્દો વિવાદનું મુખ્ય કારણ બન્યો છે. કારીગરોએ કામના કલાકો દરમિયાન જમવા માટે પૂરતો સમય ન મળતો હોવાની ફરિયાદ પણ કરી છે. તેમના મતે, કામના કલાકો, વેતન અને સાપ્તાહિક રજા જેવા મુદ્દાઓ પર સ્પષ્ટ વ્યવસ્થા હોવી જરૂરી છે. બીજી તરફ, કારખાનેદારોની દલીલ છે કે નિયમો મુજબ કામ કરવામાં આવે તો વેતન સહિતની તમામ શરતોનું પાલન કરવું પડશે.

### એમ્બ્રોઈડરીના અનુભવી કારીગરો વતન પરત ફરે તો ઉદ્યોગને અસરની ભીતિ

એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં લાંબા સમયથી કામ કરતા અનુભવી કારીગરોને નોકરીમાંથી છૂટા કરવામાં આવતાં ઉદ્યોગમાં કુશળ શ્રમિકોની ઉપલબ્ધતા પર અસર થવાની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે. જો રોજગારીના અભાવે આવા કારીગરો વતન પરત ફરવાનો નિર્ણય લે તો ઉત્પાદન અને કામકાજની વ્યવસ્થા સામે મુશ્કેલી ઊભી થઈ શકે છે. હાલમાં રવિવારની સાપ્તાહિક રજાની માગણી અને વેતન સહિતની કામકાજની શરતોને લઈને કારીગરો તથા કારખાનેદારો વચ્ચે મતભેદ સામે આવ્યા છે. શ્રમિકોની માગણીઓ અને કારખાનેદારોની દલીલો વચ્ચે સમાધાનનો માર્ગ નીકળે છે કે નહીં, તેના પર એમ્બ્રોઇડરી ઉદ્યોગના શ્રમિકોની નજર ટકેલી છે.

## મોટાવરાછાખાતેનાનવરાત્રિના આયોજનમાંએક્ઝિટગેટઓછા

**એન્થમ** સર્કલ ખાતેના આયોજનમાં ફાયર સેફ્ટીની ખામી દૂર કરવા તાકીદ, અન્યથા મંજૂરી રદ

સુરતઃ મોટા વરાછા સ્થિત એન્થમ સર્કલ ખાતે યોજાનારા નવરાત્રિ આયોજનમાં ફાયર સેફ્ટીની ખામીઓ સામે આવી છે.

ફાયર વિભાગની ટીમે સોમવારે સાંજે સ્થળની મુલાકાત લઈને તપાસ કરતાં એક્ઝિટ ગેટની સંખ્યા ઓછી હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સચિન સાહુ અને ઝોન-એના ફાયર અધિકારી રણજીત ફળિયાએ સ્થળની મુલાકાત લઈને સુરક્ષાની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન આયોજન સ્થળ પર કટોકટીના સમયે લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે જરૂરી એક્ઝિટ ગેટની સંખ્યા ઓછી હોવાનું જણાયું હતું. ફાયર વિભાગે આયોજકોને સ્થળ પર જોવા મળેલી ખામીઓ દૂર કરવા સૂચના આપી હતી. આયોજકોએ મંગળવાર સુધીમાં ખામીઓ દૂર કરવાની બાંયધરી આપી હોવાનું જાણવા મળ્યું છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી સુધારા નહીં કરવામાં આવે તો આયોજનની મંજૂરી રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

નવરાત્રિ જેવા મોટા જાહેર કાર્યક્રમોમાં અગ્નિસુરક્ષાના નિયમોનું પાલન થાય અને ખેલૈયાઓની સુરક્ષા જળવાય તે માટે ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## સુરતમાં ખાડીપૂરના નિવારણ માટે 14મીએ ગાંધીનગરમાં મહામંથન

**બે** મહિનાથી સુરતમાં બેઠકો બાદ હવે 14 ઓક્ટોબરે પ્રભારી મંત્રી, ધારાસભ્યો, અધિકારીઓ અને એજન્સી ભેગા થશે

સુરતઃ ગત જુલાઈ મહિનામાં ત્રણ-ત્રણ વખત ખાડીપૂરની સ્થિતિ સર્જાયા બાદ હવે શહેરને વારંવારના પૂરથી બચાવવા માટે સરકારી તંત્રમાં કવાયત તેજ બની છે.

જોકે, બે મહિનાથી સુરતમાં બેઠકો, ચર્ચાઓ અને આયોજનનો દૌર ચાલી રહ્યો હોવા છતાં હવે અસલી કસોટી ગાંધીનગરમાં થનારી બેઠકમાં થશે. ખાડીપૂર નિયંત્રણના મુદ્દે રાજ્ય સ્તરે સંકલન સાધવા અગાઉ 6 ઓક્ટોબરે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, વહીવટી કારણોસર બેઠક મુલતવી રાખવામાં આવી હતી. હવે 14 ઓક્ટોબરે ગાંધીનગરમાં બેઠક યોજાવાની છે. તેમાં પ્રભારી મંત્રી, તમામ ધારાસભ્યો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ હાજર રહેશે. આગામી બુધવારે, 14 ઓક્ટોબરે બપોરે 12 વાગ્યે પ્રભારી મંત્રી, ધારાસભ્યો, સંલગ્ન વિભાગોના અધિકારીઓ અને નિયુક્ત એજન્સીની મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે. રાજ્યસ્તરીય પ્રેઝન્ટેશન સાથે બેથેમેટ્રી સરવે અને ખાડીપૂર નિયંત્રણ માટેના ટૂંકા ગાળાના ઉપાયો અંગે ચર્ચા થવાની શક્યતા છે.

### સરવેના ખર્ચનો મોટો આંકડો જોઈ, મનપાના તંત્ર વાહકો વિમાસણમાં

ખાડીપૂર નિયંત્રણ માટે સરવે અને પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવાની કામગીરીના અંદાજમાં ચોંકાવનારી રકમ સામે આવતાં શાસકો પણ મૂંઝવણમાં મુકાયા હોવાની ચર્ચા છે. એક તરફ શહેરને વારંવારના પૂરથી બચાવવા તાત્કાલિક પગલાં ભરવાની જરૂરિયાત છે, તો બીજી તરફ સરવે સહિતની કામગીરી પાછળ થનારા ખર્ચ અને તેના કારણે ઊભા થઈ શકે તેવા આર્થિક ભારણનો પ્રશ્ન છે. આ સ્થિતિમાં સરવે અને પ્રાથમિક રિપોર્ટની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. હવે ગાંધીનગરની બેઠકમાં આ ખર્ચ, ટેક્નિકલ અભિપ્રાય અને ટૂંકા ગાળાના ઉપાયોને લઈને શું નિર્ણય લેવાય છે તેના પર નજર રહેશે. રાજ્યસ્તરે પ્રેઝન્ટેશનના આધારે કામોની પ્રાથમિક્તા અને અમલીકરણની દિશા નક્કી થાય તેવી શક્યતા છે.

## અધિકારીને સોમવારે સાંજે 4થી 6 ઝોન કચેરીમાં બેસવું ફરજિયાત

**અરજદારો** અને ચુંટાયેલા પ્રતિનિધિઓની ફરિયાદો બાદ મ્યુનિ. કમિ. નો આદેશ

**ઝોનલ** ઓફિસરથી માંડીને નાયબ આરોગ્ય અધિકારી સહિતના અધિકારીઓએ કચેરીમાં હાજર રહેવું

**ગેરહાજરી** અનિવાર્ય હોય તો વૈકલ્પિક અધિકારીની વ્યવસ્થા કરવી પડશે

સુરતઃ મહાનગરપાલિકાની ઝોન કચેરીઓમાં પોતાના પ્રશ્નો અને ફરિયાદો લઈને આવતા અરજદારોને અધિકારીઓની ગેરહાજરીને કારણે ધરમધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદો હવે મનપા કમિશનર સુધી પહોંચી છે. ધારાસભ્યો, સાંસદો અને પદાધિકારીઓ સાથેની સંકલન બેઠકોમાં પણ સાંજના સમયે ઝોનના જવાબદાર અધિકારીઓ ઉપલબ્ધ ન રહેતા હોવાની રજૂઆતો ઊઠી હતી. જેને પગલે મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલે સત્તાવાર નોંધ જાહેર કરી તમામ ઝોનના જવાબદાર અધિકારીઓને દર સોમવારે સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન ઝોન કચેરીમાં ફરજિયાત હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

કમિશનરના આદેશ અનુસાર દર સોમવારે સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન જાહેર જનતાના પ્રશ્નો, રજૂઆતો અને ફરિયાદોના નિરાકરણ માટે કાર્યપાલક ઈજનેર, નાયબ આરોગ્ય અધિકારી, આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી એકાઉન્ટન્ટે ઝોન કચેરીમાં હાજર રહેવાનું રહેશે. આ સમયગાળા દરમિયાન અરજદારોને જરૂરી માર્ગદર્શન આપવા ઉપરાંત તેમની રજૂઆતોના આધારે કાર્યવાહી કરવાની પણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે. જાહેર રજાના દિવસોમાં આ વ્યવસ્થા લાગુ પડશે નહીં. કમિશનરે નોંધમાં સ્પષ્ટ કર્યું છે કે, કોઈ અનિવાર્ય કે ખાસ સંજોગોમાં સંબંધિત અધિકારીને સોમવારે સાંજે 4થી 6 દરમિયાન ઝોન કચેરી છોડવાની જરૂર પડે તો પણ તેમની જગ્યાએ અન્ય જવાબદાર અધિકારીની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. એટલે કે, અધિકારીની ગેરહાજરીને કારણે અરજદારોનાં કામ અટકે નહીં તેની જવાબદારી પણ સંબંધિત અધિકારીની રહેશે.

## વોકિંગમાં ગયેલા મહિલાનો મૃતદેહ બીજા દિવસે કોઝ-વેમાંથી મળ્યો

**સિટીલાઈટનાં** સુનીતાબેન રાઠીના મૃતદેહની સોશિયલ મીડિયામાં વાયરલ મેસેજથી ઓળખ થઈ

સુરતઃ સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 57 વર્ષીય મહિલા શનિવારે સાંજે વોકિંગ માટે ઘરેથી નીકળ્યા બાદ રહસ્યમય સંજોગોમાં ગુમ મહિલાનો મૃતદેહ બીજા દિવસે રાંદેર ક્રોઝ-વે નજીક નદીના પાણીમાંથી મળ્યો હતો.

સિટીલાઈટ વિસ્તારમાં આવેલા મેઘશર્મન કોમ્પ્લેક્સમાં કમલકિશોરભાઈ રાઠી પરિવાર સાથે રહે છે અને કાપડ માર્કેટમાં દલાલીનું કામ કરે છે. શનિવારે સાંજે તેમની 57 વર્ષીય પત્ની સુનીતાબેન વોકિંગ માટે ઘરેથી નીકળ્યાં હતાં. જોકે, લાંબો સમય વીતી જવા છતાં તેઓ ઘરે પરત નહીં ફરતાં પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. આસપાસના વિસ્તારોમાં તપાસ કરવા છતાં સુનીતાબેનનો કોઈ પત્તો લાગ્યો નહોતો. આખરે પરિવારજનોએ ઉમરા પોલીસ મથકમાં તેમની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન રવિવારે બપોરે રાંદેર ક્રોઝ-વે નજીક નદીના પાણીમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગેના મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પરિવારજનોને જાણ થઈ હતી. ત્યારબાદ તેઓ રાંદેર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા, જ્યાં તપાસ દરમિયાન મૃતદેહ સુનીતાબેનનો હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક તપાસમાં સુનીતાબેને આપઘાત કર્યો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ સુનિતાબેન ચાલતા ચાલતા બ્રિજ તરફ જતા હોવાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે રાંદેર પોલીસે તપાસ હાથ ધરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટનો તેજસ્વી તારલા સન્માન સમારંભ યોજાયો



સુરતઃ તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ દ્વારા ડભોલી રોડ સ્થિત ગોવિંદજી હોલ ખાતે રવિવારે ૩૨મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં આશરે ૭૬૭ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ટ્રસ્ટની મોબાઇલ એપ્લિકેશન, યુટ્યુબ ચેનલ, ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પેજનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. સમારંભના પ્રમુખ પંકજભાઇ ગિજુભાઇ પટેલ, મુખ્ય મહેમાન એડવોકેટ શાંતિલાલ આર. પટેલ, વિશિષ્ટ અતિથિ એડવોકેટ હિમાંશુભાઇ આઇ. પટેલ સહિત ટ્રસ્ટના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, યુવા મંડળ, કસ્તુરી મહિલા મંડળના સભ્યો અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના સેક્રેટરી અશ્વિન ટી. પટેલે જણાવ્યું હતું કે, જમીન દાતા ગોવિંદ દાદાનું સ્વપ્ન સાત ગામના કોળી સમાજને સંગઠિત કરી વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરાવવાનું હતું. આજે આ સમારંભ તેમના સ્વપ્નની સાક્ષી પૂરે છે.

## સરથાણામાં આધાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગોને સાઈકલ વિતરણ

સુરતઃ સરથાણા વિસ્તારમાં આધાર ડિસેબલ ટ્રસ્ટ-સુરત' અને 'શ્રી ભગવાનદાસ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત' દ્વારા ભવ્ય મેગા મેડિકલ કેમ્પ અને દિવ્યાંગ ભાઈ-બહેનોને સાયકલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સામાજિક કાર્યકર પ્રવીણભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, નિરાધાર વડીલો માટે 1 ઓક્ટોબરથી એક વિશેષ 'સિનિયર સિટીઝન ક્લબ 'Whatsapp ગ્રુપ ચાલુ કરવામાં આવ્યું છે. આ વિશેષ કાર્યક્રમ દરમિયાન યોજાયેલા મેગા મેડિકલ હેલ્થ કેમ્પમાં 100 થી વધુ દિવ્યાંગોએ લાભ લીધો હતો જેમાં હૃદયની તપાસ, ડાયાબિટીસ, લિવર, કિડની, કેલ્શિયમ, વિટામિન-ડી અને બી12 સહિતની મહત્વની ૨૪થી વધુ બોડી પ્રોફાઈલ તપાસો અત્યાધુનિક મશીનરી દ્વારા કરવામાં આવી હતી.



## ડિંડોલીના ઉમાપુરમમાં 'અસામાજિક તત્ત્વો સામે SPGની લાલ આંખ' નાટક ભજવાયું



સુરતઃ ડિંડોલી સ્થિત શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉમાપુરમ ખાતે શનિવાર, તા. ૧૦ ઓક્ટોબરે એસપીજી સુરત દ્વારા 'અસામાજિક તત્ત્વો સામે SPGની લાલ આંખ' નામના ભવ્ય સામાજિક અને પારિવારિક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇટર્નલ પરફોર્મિંગ આર્ટ એકેડેમી, સુરત દ્વારા નિર્મિત, દિગ્દર્શિત અને અભિનીત આ નાટકના માધ્યમથી સામાજિક જાગૃતિ નો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે SPGના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બાબુભાઈ સુતરીયા, ઊંઝા શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થાનના પ્રમુખ એમ.એસ. પટેલ તથા ઉમાપુરમ શ્રી ઉમિયા માતાજી મંદિરના પ્રમુખ કીર્તિભાઈ પટેલ અને ઉપપ્રમુખ રાકેશભાઈ પટેલ સહિત પાટીદાર સમાજના અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.